**ચોટીલાના મહે. પ્રિન્સિપાલ સીવીલ જજ અને જયુડી. મેજી. ફ.ક.**
**સાહેબશ્રીની કોર્ટમાં, મું. ચોટીલા.**

**ફો.કે.નં.૬૮૨/૨૦૨૬**

**આંક:–૦૫**

GJSN050009952026

**શ્રી સરકાર** .....ફરિયાદી

<u>વિરૂધ્ધ</u>

**ચાંપરાજભાઇ ઉર્ફે સાંપ્રાંતભાઇ ગભરૂભાઇ ધાંધલ,**
રહે.સાલખડા, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર .....આરોપી

**આરોપ :– પ્રોહી. કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબ.**

<u>**–:: ઠરાવ::–**</u>

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ **પ્રોહી. કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી)** મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે. તે મુજબનું તહોમતનામું વાંચી સંભળાવતા આરોપી સ્વેચ્છાએ મજકુર ગુન્હાની કબુલાત કરે છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઇએ તેમ માનુ છું.

આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૪ મુજબ **પ્રોહી. કલમ-૬૫(એ)(એ),૧૧૬(બી)** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ-૦૫(પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. પ્રોહી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૨૦મી માંહે-જુન, સને-૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
ચોટીલા

(પંકિત દિશાંત દવે)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.
ચોટીલા.
(જજ કોડ નં. જીજે૦૧૬૬૦)